**ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ,**

**કમિશનરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર ૧૯, ગાંધીનગર.**

## સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી અંગેની જાહેરાત અન્વયે અગત્યની સૂચના

**(જાહેરાતક્રમાંક:૦૬/૨૦૨૪)**

**તા. ૩૧/૦૧/૨૦૨૬**

સરકારી માધ્યમિક શાળા શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૪ અંતર્ગત PML-2 માં સમાવિષ્ટ તમામ ઉમેદવારો દ્વારા થયેલ ઓનલાઇન શાળા પસંદગી બાદ તા. ૨૨/૦૭/૨૦૨૫ ના રોજ મેરિટ કમ પ્રેફરન્સ મુજબ શાળા ફાળવણી કરવામાં આવેલ હતી અને પ્રતિક્ષા યાદી તા. ૧૯/૦૯/૨૦૨૫ના રોજ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. અગાઉ તા.૦૫/૦૭/૨૦૨૫ ની શાળા પસંદગીની અપાયેલ સુચનાઓમાં “મર્યાદિત શાળા પસંદગી આપવાથી જો કોઈ ઉમેદવારને શાળા ફાળવણી થશે નહીં તો તેઓને સરકારી માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયામાંથી બાકાત થશે જેની નોંધ લેવી” તેવી સુચના આપવામાં આવેલ હતી, પરંતુ,નામ. હાઈકોર્ટમાં થયેલ SCA 13456/2025 સંદર્ભે ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ દ્વારા તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજની બેઠકમાં શિક્ષણ સહાયક ભરતી– ૨૦૨૪ માં મર્યાદિત પસંદગીના કારણે શાળા ફાળવણી થયેલ નથી તેવા List-A મુજબના ઉમેદવારોને શાળા પસંદગીની તક આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જે અનુસંધાને, વિષયવાર, માધ્યમવાર સરકારી માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૪ના આવા મર્યાદિત પસંદગીના કારણે શાળા ફાળવણી ના થયેલ હોય તેવા તમામ ઉમેદવારોની યાદી ( List–A ) આ સાથે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

- List-Aમાં સમાવિષ્ટ ઉમેદવારો અને તા.૧૯/૦૯/૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવેલ પ્રતિક્ષાયાદીના ઉમેદવારો એમ બંને યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારો આ ભરતી માટે લોગ–ઈન થયા બાદ પોતાની ઈચ્છા અનુસાર પોતાના માધ્યમ, વિષય અને કેટેગરી મુજબની ઉપલબ્ધ ખાલી જગ્યાઓ પૈકી અગ્રતાક્રમ અનુસાર શાળાઓની **અમર્યાદિત સંખ્યામાં તા.૩૧/૦૧/૨૦૨૬ થી તા.૦૨/૦૨/૨૦૨૬ રાત્રે ૧૧.૫૯** કલાક સુધી ઓનલાઇન શાળા પસંદગી આપી શકશે.
- **સમયમર્યાદામાં ઓનલાઇન શાળા પસંદગી ન આપનાર ઉમેદવારો ભરતી પ્રક્રિયાના આ તબક્કામાં ભાગ લેવા ઈચ્છતા નથી તેમ માની તેઓને સરકારી માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયામાંથી બાકાત કરવામાં આવશે જેની નોંધ લેવી.**
- **જો કોઈ ઉમેદવારને શાળા પસંદગીના આ તબક્કામાં પોતાના વિષય/માધ્યમની ઉપલબ્ધ ખાલી જગ્યાઓ પૈકી માર્યાદિત સંખ્યામાં શાળા પસંદગી કરવાના કારણે શાળા ફાળવણી ના થાય અને તેનાથી નીચેના મેરિટ ધરાવતા ઉમેદવારને શાળા ફળવાય તેવા કિસ્સામાં આવા મર્યાદિત શાળા પસંદગી આપનાર ઉમેદવાર આ ભરતી પ્રક્રિયામાંથી બાકાત થશે અને ત્યારબાદ બીજી કોઈ તક મળવાપાત્ર રહેશે નહિ તેની ખાસ નોંધ લેવી.**
- અગાઉ તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ થયેલ ફાઈનલ શાળા ફાળવણીને ધ્યાને લઈ માધ્યમ/વિષય/કેટેગરીવાર કટ ઓફ કરતા ઉપરના મર્યાદિત શાળા પસંદગી આપનાર, શાળા ફાળવણી

ના થયેલ ઉમેદવારનો List-A માં જે કેટેગરી માટે સમાવેશ કરવામાં આવેલ છે તે વિષય/કેટેગરી મુજબ શાળા પસંદગી આપી શકાશે. વયમર્યાદામાં છૂટછાટ મેળવેલ ન હોય તવા અનામત કેટેગરીના ઉમદેવારો જનરલ (GEN) તથા પોતાની સંબંધિત કેટેગરી (SC/ST/SEBC/EWS) ની શાળાઓની પસંદગી કરી શકશે જ્યારે ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મેળવેલ હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવાર ફક્ત પોતાની કેટેગરીની શાળાઓ જ પસંદ કરી શકશે.

- **શાળા ફાળવણી સમયે Waiting Qualified Category ધ્યાને લઇ શાળા ફાળવણી કરવામાં આવશે.**
- ઉપરોક્ત બંને યાદીના ઉમેદવારો પોતાની શાળા પસંદગી આપવાની છે.
- આ પ્રક્રિયા માટેની વિષયવાર ખાલી જગ્યાઓ વેબસાઇટ પર ઉપલબ્ધ છે.
- શાળા પસંદગી કર્યા બાદ શાળા ફાળવણી કરતી વખતે મેરિટ ક્રમ પ્રેફરન્સ મુજબ શાળા ફાળવણી કરવામાં આવશે.
- સરકારી/અનુદાનિત શાળામાં પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ઉમેદવારોએ સદર ભરતી પ્રક્રિયા અન્વયે ભરતી સમિતિ દ્વારા મેરીટ ક્રમ પ્રેફરન્સના ધોરણે ફાળવવામાં આવનાર કોઈપણ શાળામાં હાજર થવાનું રહેશે. જો ઉમેદવાર પસંદગી આપેલ જગ્યામાં હાજર નહી થાય તો બાળકોના શૈક્ષણિક કાર્યમાં સુધારણાના હેતુથી સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રક્રિયાની સુચારૂ કાર્યવાહીમાં અવરોધ ઉભો કરવા તેમજ બેરોજગાર ઉમેદવારોને રોજગારીની તકથી વંચિત રાખી સરકારશ્રીના શિક્ષિત નાગરીકોને રોજગારી પૂરી પાડવાના લક્ષમાં અવરોધ ઉભો કરવા બદલ તેમના વર્તમાન માસિક પગાર માંથી રૂ.૫૦૦૦/- ૪૦ માસ માટે એમ કુલ રૂ.૨,૦૦,૦૦૦/- સરકારશ્રીના સંબંધિત સદરે તેમના નોકરી સ્થળના જિલ્લાના સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ સંબંધિત અધિકારી દ્વારા તેઓના પગારમાંથી કપાત કરી સરકારશ્રીમાં જમા કરાવવાના રહેશે.
- હાલ સરકારી/બિનસરકારી અનુદાનિત પ્રાથમિક / માધ્યમિક/ માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક/વિદ્યાસહાયક/મદદનીશ શિક્ષક તરીકે સેવા બજાવતા હોય તેવા ઉમેદવારોને શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/112017/સીંગલ ફાઈલ-6/6, તા.22/03/2017ની જોગવાઈઓ લાગુ પડશે. ઠરાવ વેબસાઇટ પર ઉપલબ્ધ છે.
- નીચે આપેલ શાળા પસંદગી માટેની સુચનાઓનો અભ્યાસ કર્યા બાદ જ શાળા પસંદગી આપવા સુચના છે.

## ❖ ઓનલાઈન શાળા પસંદગી આપવા માટેની સૂચનાઓ :

- ઉમેદવારે www.gserc.in વેબસાઈટ પર જઈ **Secondary Government candidate** વિકલ્પ ક્લીક કરી અને **Login For Secondary Government** પર ક્લીક કરતા ખૂલેલ ચેકબોક્સમાં પોતાનો TAT નંબર, જન્મતારીખ અને ફિક્સ Captcha Code નાખી LOGIN કરવાનું રહેશે.

- LOGIN **કર્યા બાદ ઉમેદવારે નીચે મુજબની વિગતો ભરવાની રહેશે.**
- School Selection મેનુ પર ક્લિક કરતાં, નીચે મુજબની માહિતી ભરવાની રહેશે.

1) હાલ આપ નિયમિત ભરતીથી શિક્ષક તરીકે ફરજ બજાવો છો? ☐ હા ☐ ના

(હાલમાં શિક્ષણ વિભાગ હેઠળની શાળાઓમાં ફરજ બજાવતા હોય તેવા કિસ્સામાં)

  - જો હા તો Primary/Secondary/Higher secondary પૈકી કોઈ એક વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
  - Government/Grant-in-aid પૈકી કોઇ એક વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
  - School Dise code (હાલ જે શાળામાં ફરજ બજાવતા હોવ તે શાળાનો School Dise code ફરજિયાત લખવાનો રહેશે.)

**2)** આપે સરકારી માધ્યમિક શાળાઓ સિવાય અન્ય કયા વિભાગ માટે અરજી કરેલ છે? (લાગુ પડતી વિગતો ભરવી)

- ☐ બિનસરકારી અનુદાનિત માધ્યમિક — દા.ત. SGR1234567

**3)** જનરલ કેટેગરી માટે શાળા પસંદગી આપવા લાયક ઉમેદવારોએ નીચેના પૈકી **એક વિકલ્પ** પસંદ કરવાનો રહેશે.

- હું મારી કેટેગરીના લાભ સાથે શાળા પસંદગી કરવા ઇચ્છુ છું.
  આ વિકલ્પ પસંદ કરનાર ઉમેદવાર **પોતાની કેટેગરી મુજબની શાળાઓ અને જનરલ કેટેગરીની ઉપલબ્ધ તમામ શાળાઓની પસંદગી કરી શકશે.**
- હુ મારી કેટેગરીનો લાભ જતો કરી શાળા પસંદગી કરવા ઇચ્છુ છું.
  આ વિકલ્પ પસંદ કરનાર ઉમેદવારો **પોતાની કેટેગરી મુજબની શાળાઓ અને જનરલ કેટેગરીની ઉપલબ્ધ તમામ શાળાઓની પસંદગી કરી શકશે પરંતુ એલોટમેન્ટ વખતે આ ઓપ્શન ધ્યાને લઇ ફક્ત જનરલ કેટેગરીમાં જ શાળા ફાળવણી થવાપાત્ર રહેશે.**

ઉપરોક્ત વિગતો ભર્યા બાદ SAVE બટન પર ક્લીક કરવાથી વિગતો SAVE થશે.

GSSS Education Staff Recruitment Selection Committee

ત્યારબાદ....

**School Selection** મેનુ પર ક્લિક કરતાં ઉમેદવારનો વિષય, માધ્યમ તથા કેટેગરીની વિગતો જોવા મળશે. જેમાં **District** ના ડ્રોપડાઉન મેનૂમાંથી એક અથવા એક કરતાં વધારે જિલ્લાઓ પસંદ કરી શકાશે ત્યારબાદ બાજુમાં રહેલ **Search** પર ક્લિક કરતાં ડાબી બાજુએ **School List** જોવા મળશે. જેમાં શાળાનું નામ, ગામ, તાલુકો અને **SCHOOL DISE CODE** સાથેની યાદી જોવા મળશે. આપ જે શાળાની પસંદ કરવા ઈચ્છતા હોવ તે શાળાના નામના અંતે આપેલા –→ નિશાન પર ક્લિક કરી તે શાળા પસંદગી યાદીમાં(જમણી બાજુએ) ઉમેરી શકાશે. આમ ઉમેદવારે પસંદગીક્રમ મુજબ ક્રમાનુસાર શાળાઓ પસંદ કરવી તેમજ તે શાળા જમણી બાજુએ યાદીમાં આવે તે ચકાસી લેવું. જમણી બાજુએ આપ પસંદ કરાયેલ શાળાઓ જોઈ શકશો. જમણી બાજુની યાદીમાં શાળાઓનો પસંદગીક્રમ સુધારવા ઈચ્છો તો ડ્રેગ કરી શાળાનો ક્રમ ઉપર નીચે કરી શકાશે અને આ રીતે આપ શાળાના પસંદગીક્રમ ફેરફાર કરી શકશો.

એકવાર શાળાઓની પસંદગી આપ્યા બાદ આ માહિતી અચૂક “**SAVE**” કરવાની રહેશે. જો આપ પસંદગી માટે જિલ્લો બદલવા ઈચ્છો તો પણ તે પહેલાં માહિતી “**SAVE**” કરવી અન્યથા અગાઉનું સિલેક્શન દૂર થશે. જો અન્ય જિલ્લા પસંદ કરશો કે લોગઆઉટ થશો તેવા કિસ્સામાં આગળ કરાયેલ સિલેક્શન સેવ રહેશે નહિ અને ફરીવાર સિલેક્શન કરવાનું રહેશે.

- પસંદગી યાદીમાંથી કોઈ શાળા રદ કરવી હોય તો, તે શાળાના નામ સામે આપેલ **DELETE** બટન પર ક્લીક કરતાં તે દૂર(રિમુવ) કરી શકાશે. ઉમેદવારે પસંદ કરેલ શાળા જમણી બાજુની **Selected school List** યાદીમાંથી નીકળી ડાબી બાજુની **School List** યાદીમાં આવી જશે. ડ્રેગ કરી પસંદગીક્રમ બદલી શકશો.
- ઉમેદવાર સમયમર્યાદામાં પોતાની શાળા પસંદગી **“Save & Confirm”** કરતા પહેલાં કોઈપણ તબક્કે શાળા પસંદગી યાદી **‘RESET’** કરી તમામ શાળાઓની નવેસરથી પસંદગી કરી શકશે.
- આપ આ રીતે એક જ તબક્કામાં અથવા જુદા જુદા તબક્કામાં પસંદગી આપ્યા બાદ, છેલ્લી પસંદગી યાદી ફાઈનલ કરવા માટે **સરકારી શિક્ષણ સહાયક શાળા પસંદગીની બાહેધરી વાંચી–**

**સમજી તેના ડાબી બાજુના** ચેકબોક્ષ પર ક્લીક કર્યા બાદ "Save & Confirm" બટન ક્લીક કરતાં આવેલ મેસેજ માટે **YES** ઓપ્શન પસંદ કર્યા બાદ ઉમેદવારના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર પર **OTP** આવશે, જે આપેલ બોક્ષમાં એન્ટર કરવાથી પસંદગીનો ડેટા ફાઇનલ સબમીટ થશે.

**ખાસ ધ્યાન રહે કે SAVE & CONFIRM કર્યા સિવાય ઉમેદવારે આપેલ શાળાઓ પસંદગી યાદી ફાઈનલ થશે નહિ અને શાળા ફાળવણી માટે ધ્યાને લેવામાં આવશે નહિ. SAVE & CONFIRM કર્યા બાદ ઉમેદવાર કોઈ જ ફેરફાર કરી શકશે નહિ આથી જ્યા સુધી સિલેક્શન ફાઈનલ થાય ત્યા સુધી માહિતી સાચવવા "SAVE" કરવુ અને ફાઇનલ થયા બાદ જ SAVE & CONFIRM કરવુ. એકવાર SAVE & CONFIRM થયા બાદ તેમા સુધારો કરવા કોઈ જ રજૂઆત ધ્યાને લેવામા આવશે નહિ જેની ખાસ નોંધ લેવી.**

- "Save & Confirm" કર્યા બાદ આપ **'HOME'** ટેબ પર જઈ **'View School Selection'** ઓપ્શન પસંદ કરતાં ઉમેદવાર દ્વારા સિલેક્ટ કરાયેલ શાળાઓની યાદીની pdf ડાઉનલોડ થશે. જેની પ્રિન્ટ મેળવી લેવાની અને સાચવી રાખવાની રહેશે. ડાઉનલોડ થયેલ ફાઇલ જોવા માટે આપના બ્રાઉઝર માં **POP UP** ચાલુ રાખવું. **ઉમેદવારે તા.૦૨/૦૨/૨૦૨૫ રાત્રે ૧૧.૫૯** કલાક **સુધીમાં પોતાની પસંદગી "Save & Confirm" કરવાની રહેશે.**
- ઉમેદવારોએ છેલ્લી તારીખ/સમયની રાહ જોયા સિવાય સમયસર શાળા પસંદગી પૂર્ણ કરવી હિતાવહ છે જેથી છેલ્લા સમયે ઉદ્ભવતી સમસ્યાઓ ટાળી શકાય.
- **ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ આપ સૌનું શિક્ષણ વિભાગમાં સ્વાગત કરે છે અને આપ સૌને શિક્ષણ વિભાગના સંનિષ્ઠ કર્મયોગી બનવા અંગે શુભકામનાઓ પાઠવે છે.**

__________________